અપીલ અરજી નં.૪૯૫ તા.૨૧–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી હેમંત એન.દેસાઈ
સામાવાળાઃ– ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી ( ફાયર વિભાગ)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈની તા. ૧૯–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સુ.મ.ન.પા.ના ફાયર વિભાગ તરફથી જરીગીલીટના એકમોવાળા કારખાનાના માલિકોએ જવલનશીલ પદાર્થોના વપરાશના પરવાના રીન્યુ કરવા માટે જે ૯ કારખાનાવાળાએ ફાયર વિભાગમાં અરજી કરવામાં આવેલ તે કારખાનાવાળાના પરવાના રીન્યુ કરવામાં આવેલ છે તેવું ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તરફથી એફઈએસ/જાવક નં.૩૬૯૬ તા. ૧૭–૧૧–૧૧ના પત્રમાં જણાવવામાં આવેલ તો આ ૯ કારખાનાવાળાને ત્યાં ફાયર વિભાગ તરફથી જે અધિકારીએ સ્થળ તપાસ કરવામાં આવીને જે રીપોર્ટ તૈયાર કરવામાં આવ્યો તે તમામ રીપોર્ટની સહી સિકકાવાળી નકલ ફાળવવી વિ. મુદ્દા નં.(૧)થી(૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૯૫/૨૦૧૧–૧૨

શ્રી હેમંત એન.દેસાઈની તા. ૧૯–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સુ.મ.ન.પા.ના ફાયર વિભાગ તરફથી જરીગીલીટના એકમોવાળા કારખાનાના માલિકોએ જવલનશીલ પદાર્થોના વપરાશના પરવાના રીન્યુ કરવા માટે જે ૯ કારખાનાવાળાએ ફાયર વિભાગમાં અરજી કરવામાં આવેલ તે કારખાનાવાળાના પરવાના રીન્યુ કરવામાં આવેલ છે તેવું ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તરફથી એફઈએસ/જાવક નં.૩૬૯૬ તા. ૧૭–૧૧–૧૧ના પત્રમાં જણાવવામાં આવેલ તો આ ૯ કારખાનાવાળાને ત્યાં ફાયર વિભાગ તરફથી જે અધિકારીએ સ્થળ તપાસ કરવામાં આવીને જે રીપોર્ટ તૈયાર કરવામાં આવ્યો તે તમામ રીપોર્ટની સહી સિકકાવાળી નકલ ફાળવવી વિ. મુદ્દા નં.(૧)થી(૨)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ /૧૩૪૯ તા.૨–૧–૧૨ થી ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી ( ફાયર વિભાગ) તથા અરજદારને તા. ૧૯–૧૧–૧૧ની અરજીમાં નિર્દિષ્ટ ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારીના તા. ૧૭–૧૧–૧૧ના પત્રની નકલ સહ વિગત રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.એફઈએસ/આ. ૪૨૨૯ તા.૧૦–૧–૧૨ થી અરજદારને પત્ર નં.એફઈએસ/જાવક/ ૪૦૪૭ તા.૨૬–૧૨–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદારના તા.૬–૧–૧૨ ના પત્ર થી જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એફઈએસ/જાવક/ ૪૦ ૪૯ તા.૨૬–૧૨–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એફઈએસ/આ/ ૪૦૪૭ તા.૨૬–૧૨–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એફઈએસ/જાવક/ ૩૬૯૬તા.૧૭–૧૧–૧૧ થી અરજદાર ધ્વારા નકલ ફી ભરતાં નકલ નં.૯ પુરી પાડેલ તે અંગેના પત્રની નકલ, ભરતકુમાર એન્ડ કાં બેગમપુરા તરફથી જવલનશીલ પદાર્થના પરવાના રીન્યુ કરવા અંગેની તા.૯–૮–૧૧ થી કરેલ અરજીની નકલ , સવિતાબેન નિરંજનભાઈ જરીવાલા એ જવલનશીલ પદાર્થના પરવાના રીન્યુ કરવા અંગેની તા.૯–૮–૧૧ થી કરેલ અરજીની નકલ, સુર્યકાંત મણીલાલ ગીલીટવાલાએ સ્પીરીટ તથા સ્પીરીટ સોલ્યુસનના લાયસન્સ અંગે એન.ઓ.સી. મેળવવા તા.૧૨–૮–૧૧ થી કરેલ અરજીની નકલ, જયવદન આઈ. જરીવાલાએ જવલનશીલ પદાર્થ પરવાના રીન્યુ કરવા અંગેની તા.૧૭–૮–૧૧ થી કરેલ અરજીની નકલ, શૈલેષ ગીલ્ડીંગએ એન.ઓ.સી. મેળવવા કરેલ અરજીની નકલ, યુનીક ટ્રેડર્સએ એન.ઓ.સી. મેળવવા કરેલ અરજીની નકલ, બાલાજી ટ્રેડર્સએ જવલનશીલ પદાર્થ અંગે એન.ઓ.સી મેળવવા કરેલ અરજીની નકલ, જશવંતલાલ પ્રાણજીવનદાસ જરીવાલા એ જવલનશીલ પદાર્થ અંગે એન.ઓ.સી મેળવવા કરેલ અરજીની નકલ , કામિની ટ્રેડીંગ કાં એ એન.ઓ.સી મેળવવા કરેલ અરજીની નકલ, અત્રે મળેલ છે.

અરજદારે તા.૧૯–૧૧–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તરફથી પત્રનં.સે.ઝોન/આરટીઆઈ/ જાવક/૧૫૫૦ તા.૨૧–૧૧–૧૧ થી ચીફ ફાયર ઓફિસર ફાયર વિભાગને સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી ફાયર વિભાગ તરફથી પત્ર નં. .એફઈએસ/જાવક/ ૪૦૪૭ તા.૨૬–૧૨–૧૧ તથા ૪૦૪૯ તા.૨૬–૧૨–૧૧ થી

સમય અવધિ બાદ અરજદારને માહિતી પુરી પાડેલ. જે અંગે અરજદારની અરજીમાં મુદ્દા નં.૧ સુ.મ.ન.પાના ફાયર વિભાગ તરફથી જરીગલીટના એકમોવાળા કારખાનાના માલીકોએ જવલનશીલ પદાર્થોના વપરાશના પરવાના રીન્યુ કરવા માટે જે ૯ (નવ) કારખાનાવાળાએ ફાયર વિભાગમાં અરજી કરવામાં આવેલ તે કારખાનાવાળાના પરવાના રીન્યુ કરવામાં આવેલ છે તેવું ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તરફથી એફઈએસ/જાવક નં.૩૬૯૬ તા.૧૭–૧૧–૧૧ના પત્રમાં જણાવવામાં આવેલ તો આ ૯ કારખાનાવાળાને ત્યાં ફાયર વિભાગ તરફથી જે અધિકારીએ સ્થળ તપાસ કરવામાં આવીને જે રીપોર્ટ તૈયાર કરવામાં આવ્યો તે તમામ રીપોર્ટની સહી સિકકાવાળી નકલ ફાળવવી. મુદ્દા નં.૨ ફાયર વિભાગના અધિકારી તરફથી ૯ કારખાનાવાળાનાજે જવલનશીલ પદાર્થના પરવાના રીન્યુ કરવામાં આવ્યા છે તે ૯ કારખાનાવાળાને ફાયર વિભાગે જવલનશીલ પદાર્થોનો વપરાશ કરવા માટે પરવાના રીન્યુ કરવામાં આવ્યા છે કે ફકત સંગ્રહ કરવા માટે જવલનશીલ પદાર્થના પરવાના રીન્યુ કરવામાં આવેલ છે તેની માહિતી આપો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ફાયર વિભાગની કચેરીના પત્ર નં.૩૬૯૬ તા.૧૭–૧૧–૧૧ માં જણાવેલ ૯ કારખાનાવાળાઓ પૈકી (૧) બાલાજી ટ્રેડસ ખત્રીવાડ, ઈન્દરપુરા. (૨) ભરતકુમાર એન્ડ કું. મપારાશેરી, બેગમપુરા. (૩) સુર્યકાંત મણીલાલ ગલીટવાળા, લાલદરવાજા. (૪) કામીની ટ્રેડીંગ કું. દધારા શેરી, બેગમપુરા. (૫) જયવદન ઈશ્વરલાલ જરીવાળા, વાડી ફળિયા, સુરત. (૬) શૈલેષ ગીલ્ટીંગ, વાણીયા શેરી, બેગમપુરા. (૭) યુનીક ટ્રેડર્સ, કરવારોડ નવાપુરા. (૮) જશવંતલાલ પ્રાણજીવનદાસ જરીવાળા, રાણાશેરી, બેગમપુરા. (૯) સવિતાબેન નિરંજનભાઈ જરીવાળા, ઢબુવાલા ગલીની સ્થળ તપાસ કરતાં આગ બુઝાવવાના સાધનો રાખેલ છે. જેને મેન્ટેનન્સ કરવા અંગે સૂચના આપવામાં આવેલ છે. ફાયર વિભાગ ધ્વારા વેચાણ કે સંગ્રહ કરવાનો પરવાનો આપવામાં આવતો નથી. પરવાનો આરોગ્ય વિભાગ તરફથી આપવામાં આવે છે. તેવુ જણાવેલ છે.

તે પુર્વે જાહેર માહિતી અધિકારીના પત્ર નં.૪૦૪૭ તા.૨૬–૧૨–૧૧ થી (૧) ફાયર વિભાગ તરફથી આપવામાં આવેલ માહિતીના પત્ર નં.એ.ઈ.એસ./જાવક નં.૩૬૯૬ તા.૧૭–૧૧–૧૧ નાં જણાવ્યા મુજબના ૯ જરી ગીલીટના એકમો અંગે અત્રેથી સ્થળ તપાસ કરવામાં આવેલ છે. સદર અરજદારોની ફાયર વિભાગ ખાતેથી એન.ઓ.સી. આપવામા આવેલ નથી. આગ બુઝાવવાની પૂર્વ તૈયારી રૂપે સદર સ્થળોએ ફસ્ટ એઈડ ફાયર ફાઈટીંગના ભાગ રૂપે જરૂરી પોર્ટેબલ ફાયર એક્ષ્ટીંગવીશર્સની જોગવાઈ કરેલ છે. (૨) સદર વિસ્તારોના સાંકડા રસ્તાઓનું નિરીક્ષણ કરતાં માલૂમ પડેલ છે કે આ રોડ ૧૨ ફૂટ પહોળો રોફ છે. જેમા મીની ફાયર ટેંડરો સરળતાથી જઈ શકે તેમ છે. તેમજ જરૂરિયાતના સમયમાં આગ બુઝાવવા માટે ફાયર ફાઈટીંગની વ્યવસ્થા થઈ શકે તેમ છે.(૩) સ્થળ નિરીક્ષણ દરમ્યાન ફકત ૫ થી ૧૦ લી. સોલ્યુસનનો સ્ટોક જોવા મળેલ છે. તેની સલામતી માટે વોટર બેઈઝ ફાયર પ્રોટેકશન સીસ્ટમની જોગવાઈ કરવા માહિતગાર કરેલ છે. તેમજ જરૂરી પરવાનો મેળવવા આરોગ્ય વિભાગ મારફતે આગળની કાર્યવાહી કરવા સુચન કરેલ છે. તેવી માહિતી પણ આપેલ છે.

જે અંગે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા.૨૧–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અરજદારને અપીલ તબકકે અત્રેના પત્ર નં. .આરટીઆઈ સેલ /૧૩૪૯ તા.૨–૧–૧૨ થી તા. ૧૯–૧૧–૧૧ની અરજીમાં નિર્દિષ્ટ ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારીના તા. ૧૭–૧૧–૧૧ના પત્રની નકલ સહ વિગત રજૂ કરવા તથા અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ પણ નારાજગીના કિસ્સામાં આધાર સહ વિગતો રજૂ કરવા પણ જણાવવામાં આવેલ. જે અંગે અરજદારે પુરક વિગતમાં સદર પત્રની નકલ રજુ કરેલ છે. વધુમાં પુરક પત્રમાં માંગેલ માહિતી પ્રથમ અપીલ બાદ મળેલ જેમાં જાહેર માહિતી અધિકારીના તા.૨૬–૧૨–૧૧માં આગ બુઝાવવાના સાધનોને મેન્ટેનન્સ કરવા જણાવવામાં આવેલ છે પરંતુ જવલનશીલ પદાર્થો કે જેનાથી મોટી આગ લાગવાનો બનાવ બને ત્યારે આટલા નાના આગ ઓલવવાના સાધનો પણ ન ચાલી શકે તે વાત જાણાતા હોવા છતા અધિકારી આગ બુઝાવવાના સાધનો મેન્ટેનન્સ કરવા કયા કાયદાની કલમ મુજબ જણાવી શકે તે પણ રહેઠાણવાળા વિસ્તારમાં. ફાયરના સાધનોની સુવિધા રાખવાથી શું જવલનશીલ પદાર્થોનો પરવાનો રહેઠાણવાળા વિસ્તારમાં આરોગ્ય વિભાગ રીન્યુ કરી શકે. આમ અરજદારે તા.૬–૧–૧૨ ના પત્રથી અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા પુરક પ્રશ્નો ઉપસ્થિત કરેલ છે. અરજદારે અધિકારી તરફથી સ્થળતપાસ કરી જે રીપોર્ટ તૈયાર કરવામાં આવેલ છે તે રીપોર્ટની સહી સીકકાવાળી નકલ પણ મને ફાળવેલ નથી. ચીફ ફાયર ઓફિસર તરફથી એફઈએસ/આ./૪૦૪૭ તા.૨૬–૧૨–૧૧ ના પત્રમાં જણાવેલ કે એન.ઓ.સી. આપવામાં આવેલ નથી અને આ પત્રમાં એવુ પણ જણાવેલ છે કે જવલનશીલ પદાર્થોનો પરવાનો મેળવવા માટે આરોગ્ય વિભાગ માં આગળની કાર્યવાહી કરવા સુચન કરેલ છે. તો સાચુ શું? એક બાજુ હા અને એક બાજુ ના આમ ગોળ ગોળ જવાબ પાઠવવામાં આવેલ. તેવી રજુઆત કરવામાં આવેલ. ફાયર વિભાગ તરફથી અરજદારને વેચાણ સંગ્રહનો પરવાનો આરોગ્ય વિભાગ તરફથી આપવામાં આવે છે ફાયર વિભાગ તરફથી આપવામાં આવતો નથી તેવુ તએના પત્ર નં.એફઈએસ/૪૦૪૯ તા.૨૬–૧૨–૧૧ ના પત્રથી જણાવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯–૧૧–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પુરી પડાયેલ સ્થળ તપાસ અંગેના રીપોર્ટની નકલ અગર જે આધારે સ્થળ તપાસ રીપોર્ટ કરેલ હોય તે કાગળોની નકલ દફતરી ઉપલબ્ધ વિગતે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી ( ફાયર વિભાગ) ને જણાવવામાં આવે છે."

અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદી રજુઆત અંગે આરટીઆઈ એકટની જોગવાઈઓ અને નિયમો અનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,
(૧) ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી ( ફાયર વિભાગ) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન.દેસાઈ,